# નોર્થઝોન (કતારગામ)

## પ્રેસનોટ

### સુરત મહાનગર પાલિકા, સુરત

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ અને લોક સહકાર દ્વારા જનજાગૃતિ કેળવાય અને મચ્છરજન્ય રોગોનું નિયંત્રણ રહે તે ઉદ્દેશ સિધ્ધ કરવા અમરોલી (છાપરાભાઠા) યુનિટ વિસ્તારની જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કૉમર્સ કોલેજ અમરોલી. એન.એસ.એસ.(રાષ્ટ્રીય સેવા યોજના)ના વિદ્યાર્થીઓએ તારીખઃ-૧૧/૦૭/૨૦૧૬ થી તા.૧૩/૦૭/૨૦૧૬ દિનઃ-૩ કાર્ય-શિબિરામાં ભાગ લઈ અમરોલીગામ,છાપરાભાઠા અને ઉત્રાણ વિસ્તારના કુલ ઘરઃ-૧૭૩૮૧ સર્વે કરી મચ્છરના ઉત્પત્તી સ્થાનનો નાશ કરી, મેલેરીયા,ડેંગ્યુ,ચિકુનગુનિયા અને હાથીપગા જેવા મચ્છરજન્ય રોગથી બચવાના ઉપાયોની જાણકારી આપી હતી.

તા. ૧૩/૦૭/૨૦૧૬ કાર્ય-શિબિરના અંતીમ દિવસે વાહક જન્ય રોગ નિયંત્રણ વિષયે કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, કુલ :-૪૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમેઃ- યોગેશ બી.પોરીયા,બીજા ક્રમેઃ-વૈભવ કે.રૂપારેલીયા, અને ત્રીજા ક્રમે બે વિદ્યાર્થીઓ :- કૌશીક ડી.વરીયા અને યોગેશ સી. ચિત્રોડા આવેલ હતા. સદર સ્પર્ધાના વિજેતાઓને ઇ.ચા.જંતુનાશક અધિકારીશ્રી ડૉ. કે.જી.વૈષ્ણવ દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવેલ હતા.આ પ્રસંગે ઇ.ચા.જંતુનાશક અધિકારીશ્રી ડૉ. કે.જી.વૈષ્ણવ દ્વારા વિદ્યાર્થીઓને વાહક જન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી તેમજ રોગ અટકાયતના પગલા વિશે સમજણ આપવામાં આવેલ.

અંતે કોલેજના એન.એસ.એસ. પ્રાધ્યાપકશ્રી અને વિદ્યાર્થીઓના સદ્દભાવપૂર્ણ સુંદર સહકાર અને નિષ્ઠાથી યોગદાન બદલ ઇ.ચા.જંતુનાશક અધિકારીશ્રી ડૉ. કે.જી.વૈષ્ણવે ભવિષ્યમાં પણ આજ રીતે પ્રશસ્ય કર્મનિષ્ઠાનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડતા રહેશો એ અપેક્ષા સહ આરોગ્યની સેવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ "ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે" નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં આવેલ શાંતિકુંજ/શાળાઓમાં કવીઝ સ્પર્ધાનું આયોજન તેમજ "સ્વચ્છ અને સ્વસ્થ ભારત"ની સંયુકત સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૨/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ શાંતિકુંજ/શાળાના વિધાર્થીઓ સહયોગથી કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું તેમજ આજુ બાજુ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | કવીઝ સ્પર્ધામાં ભાગ લેનાર શાળા | કવીઝ સ્પર્ધામાં ભાગ લેનાર વિર્ધાથીઓ | શિક્ષકો/સીનીયર સીટીઝન | સુપરવાઈઝર | કામદારની સંખ્યા |
|---|---|---|---|---|---|
| વરાછાઝોન | 4 | 60 | 17 | 4 | 12 |
| ઉધના ઝોન | 7 | 32 | 12 | 7 | 21 |
| રાદેરઝોન | 1 | 44 | 16 | 5 | 16 |
| લિબાયતઝોન | 1 | 48 | 11 | 1 | 10 |
| સેન્ટ્રલઝોન | 4 | 80 | 8 | 4 | 13 |
| કતારગામઝોન | 4 | 290 | 18 | 4 | 16 |
| અઠવાઝોન | 4 | 60 | 21 | 4 | 17 |
| **ટોટલ** | **25** | **614** | **103** | **29** | **105** |

વધુમાં સિનિયર સીટીઝન તેમજ નાગરીકોના સહયોગથી આજુ બાજુના વિસ્તારની ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ શાળાના વિર્ધાથીઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૫/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)ના ફા.પ્લોટ નં.૩૭ રીઝર્વેશન પ્લોટ(સેલેબલ ફોર રેસીડેન્સીયલ) માંથી ૧૫ નંગ ઝુપડા આજરોજ દુર કરી રીઝર્વેશન પ્લોટમાંથી દબાણ દૂર કરવામાં આવેલ છે સદરહું પ્લોટમાં ગેરકાયદેસર પાર્કિંગ કરવામાં આવેલ નંગ–૦૨(બે) ટ્રેકટર જપ્ત કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૪૨(ભીમરાડ)માં આવેલ ૩૬.૦૦ મી.ના ટી.પી.રસ્તા પર આવેલ આશરે ૨૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં વાંસના બામ્બું નાંખી તાડપત્રીના શેડનું ગેરકાયદેસર બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગના સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૮૦૪

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૭/૨૦૧૬ થી તા.૨૪/૦૭/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૧૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૨૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૭૦૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૦૭૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૮૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૯૨૫ કરદાતાઓ પાસેથી રૂા.૬૩,૫૬,૩૫૨/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૮૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૦૭ એન્ટ્રીમાં રૂા.૨,૪૨,૨૩૭/– અને આર.સી.ની ૭૭ એન્ટ્રીમાં રૂા.૨,૭૪,૬૯૫/– મળી કુલ રૂા.૫,૧૬,૯૩૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૬ એન્ટ્રીમાં રૂા.૭૨૦/– રીન્યુઅલની ૧૧ એન્ટ્રીમાં રૂા.૭૨૦/– અને દંડની રકમની ૧૪ એન્ટ્રીમાં રૂા.૨૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાય વેરા વિભાગ ધ્વારા બાકી વ્યવસાય વેરાની વસુલાતની ધનિષ્ટ ઝુંબેશના ભાગ રૂપે બેંક ધ્વારા ચાલતા એટીએમ સેન્ટરોના બાકી વ્યવસાયવેરાની વસુલાત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં HDFC BANK, AXICS BANK, SBI BANK, UNION BANK, ICICI BANK, BOB BANK, TATA INDICASH, INDUS BANK, BOI BANK બેંકોના એટીએમ સેન્ટર મુખ્ય હતા જે પૈકી HDFC BANK, AXICS BANK ના સેન્ટરો ધ્વારા સ્થળ ઉપર વ્યવસાય વેરા ભરપાઈ કરી દેવામાં આવેલ જયારે SBI ધ્વારા સાંજે સુધીમાં બાકી વ્યવસાયવેરા જમા કરાવવામાં આવતા સીલ ખોલવાની કાર્યવાહી હાથ ધરી કુલ રૂા.૩૦૦૦૦/– ની વ્યવસાય વેરાની વસુલાત આ સીલીંગની કાર્યવાહી દરમ્યાન તથા કુલ રૂા.૫૧૬૯૩૨/– વસુલાત કરવામાં આવી હતી. આગામી સમય બાકી વ્યવસાય વેરા પેટે વસુલાતની ધનિષ્ઠ ઝુંબેશ કરી ધંધાકીય એકમોને સીલીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જેથી વ્યવસાયકારોને તાકીદ તેમનો વ્યવસાયવેરા વસુલ કરવા તાકીદ કરવામાં આવે છે.

પાણી ખાતા ધ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : ભાઈચંદનગરના ગેટ પાસેથી તથા વિજયરાજ સર્કલ પાસેથી દબાણ હટાવી બંધ લારી–૦૪, ખુલ્લી લારી–૧૭ તથા અન્ય–૦૨ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : કુબેરનગર થી પારસ શાક માર્કેટ સુધી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૮ તથા અન્ય–૦૩ જપ્ત કરવામાં આવેલ છે.

૮૦૫

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૫/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી. ૧ (ઉધના–મજુરા), ફા.પ્લોટ નં. ૭૮, મહાલક્ષ્મી ઈન્ડ. વિભાગ–૧, સબ પ્લોટ નં.૧૨૬, બમરોલી ખાતે ૧૦૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૩૫૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૫.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૯ ફાઈલના **રૂા.૦.૧૯ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૧ લોકેશન (ખાડા) ૪૫૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૬.૭૧** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૫૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી. ૧ (ઉધના–મજુરા), ફા.પ્લોટ નં. ૭૮, મહાલક્ષ્મી ઈન્ડ. વિભાગ–૧, સબ પ્લોટ નં.૧૨૬, બમરોલી ખાતે **૧૦૫૦ ચો.ફુટ** આર.સી.સી. સ્લેબ તથા **૩૫૦ ચો.ફુટ** ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જપેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૨૮** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૯૬.૧૫** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૨.૬૫** લાખ થયેલ છે., **૧૫** EC તથા **૧૪** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨૧૧૭/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૪૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૦ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ **: ૧૭૧.૨૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ **: રૂા.૫૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૩૧૪૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૩૭૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૮૭ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૪૫૨** કરવામાં આવેલ છે. જયારે **૫૧** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૪,૩૫૦/–** વસુલ લેવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા

આજ રોજ સુરત મહાનગરપાલિકાની મેયર્સ ફંડ સમિતિ સવારે ૧૧–૩૦ કલાકે માન.મેયરશ્રીની ઓફિસમાં મળેલ તેમાં નીચે મુજબની વિગતે શહેરના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોતાની મેળવેલ હોસ્પિટલ સારવાર અંગે મેયર્સફંડ સમિતિ ધ્વારા આર્થિક સહાય ચુકવવાનું મંજુર કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. કેન્સરના દર્દીઓ–૦૬ | રૂા. 1,37,000/- |
| ૨. જનરલ બીમારી દર્દીઓ–૬૬ | રૂા.12,09,500/- |
| **ટોટલ** | **રૂા.13,46,500/-** |

# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓના વોર્ડ વિસ્તારમાંથી આવતા જાહેર જનતાના પ્રશ્નો અંગે આજ રોજ માન.મેયરશ્રીની ઓફિસમાં બપોરના ૩–૦૦ કલાકે એક મિટીંગ રાખવામાં આવેલ હતી. રાખવામાં આવેલ મિટીંગમાં સભ્યશ્રીઓ તરફથી નીચે મુજબના જનરલ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા.

મ્યુ.સભ્યશ્રીઓ તરફથી રજુ થયેલા પ્રશ્નો જેવા કે, વરસાદી પાણીનો ભરાવો, મચ્છરજન્ય કાદવ કીચડની સાફ–સફાઇ, ગલીઓમાં પત્થર સેટ/રીસેટ કરાવવા , ફુટપાટો રીપેર કરાવવા, સાફ–સફાઇ, ચોમાસા દરમ્યાન ખાડાઓનું પેચ કરાવવું, બંધ સ્ટ્રીટ લાઇટો ચાલુ કરાવવી, ડ્રેનેજની ચેમ્બરો તુટી ગયેલ હોય તે રીપેર કરાવવી, જાહેર શૌચાલયની સાફ–સફાઇ કરાવવી વિગેરે જેવા પ્રશ્નો અંગે જરૂરી સેન્ટ્રલ ઝોનના હાજર અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવી.

૮૦૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૯૩૭, ૧૯૩૮, રામપુરા મેઈન રોડ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર પાર્કીંગવાળા ભાગમાં આશરે ૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલોનું તથા વધારાનું છઠ્ઠામાળે કરવામાં આવેલ આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ તથા ચણતરની દિવાલની સહિતનું આશરે ૧૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ આજે તા.૨૬/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૬.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૮** ફાઈલના **રૂા.૧.૫૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૨૦** લોકેશન(ખાડા) **૪૪૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૬૪૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮ (બમરોલી), ફા.પ્લોટ નં.૧૦૧, ઓમ સાંઈનગર સોસા., પ્લોટ નં.૪૫ ખાતે **૧૦૦ ચો.ફુટ** આર.સી.સી. બીમ તથા **૩૫૦ ચો.ફુટ** મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ટી.પી.૨(ઉધના) ફા.પ્લોટ નં.૫૦ શકિતનગર ઝુપડપટ્ટી, ઝુપડા નં. ૫૦ માં આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરા તથા ચણતર કામ સહિતનું નવું બાંધકામ દુર કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૬૩** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૦૮.૪૮** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૪૯** લાખ થયેલ છે., ૮ EC તથા **૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૫૭૪/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૮૦** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૯૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૪૪.૮૭૬** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૩૧૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૭૪૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૬૧૦** કરવામાં આવેલ છે. જયારે **૫૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૬/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮ (બમરોલી), ફા.પ્લોટ નં.૧૦૧, ઓમ સાંઈનગર સોસા., પ્લોટ નં.૪૫ ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. બીમ તથા ૩૫૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૨(ઉધના) ફા.પ્લોટ નં.૫૦ શકિતનગર ઝુપડપટ્ટી, ઝુપડા નં: ૫૦ માં આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરા તથા ચણતર કામ સહિતનું નવું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૮૧૨

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૩૭૩/– વસુલ લેવામાં આવેલ છે. ૬૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૫૬૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૮૩૪ કરદાતાઓ પાસેથી રૂા.૯૭,૮૨,૫૦૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૭૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૯૯ એન્ટ્રીમાં રૂા.૨,૧૨,૭૪૦/– અને આર.સી.ની ૭૪ એન્ટ્રીમાં રૂા.૨,૦૪,૭૧૮/– મળી કુલ રૂા.૪,૧૭,૪૫૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૨૪૦/– રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૧૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૦૧,૮૪૨/– તથા દબાણ ચાર્જના રૂા.૧૦,૬૨૦/– મળી કુલ રૂા.૧,૧૨,૪૬૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "O" રોડ : કતારગામ પોલીસ ચોકી, કતારગામ મેઈન રોડ, વેડ રોડ થી નાની બહુચરાજી સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી–૧૦ તથા અન્ય–૦૭ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : નારાયણનગર જુની તેમજ નવી શાકમાર્કેટ પાસેથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૩, બંધ લારી–૦૩ તથા અન્ય–૩૭ જપ્ત કરવામાં આવેલ છે.

૮૧૩

## -: પ્રેસનોટ :-

### કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન

સુરત મહાનગરપાલિકા દ્વારા આ કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કારગીલ વિજય દિવસ સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ "કારગીલ ચોક", લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડીને કારગીલની બધી ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવામાં સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. કારગીલની ઊંચી પહાડીઓમાં ઘૂષણખોરોને બોધપાઠ ભણાવી ભારતીય સેનાએ શાનદાર જીત મેળવ્યાની ૧૮મી વરસીએ સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ "કારગીલ વિજય દિવસ" પ્રસંગે કારગીલ ચોક ખાતે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પ્રફુલ્લભાઈ શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, મહાનુભાવોએ પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને ફુલોની રીડ અર્પણ કરી શ્રધ્ધાજંલી આપી હતી. દિવ્યાંગ કલાકારોએ દેશભકિતના ગીતો રજુ કરી ઉપસ્થિતોમાં દેશભકિત સંચારના ગુંજનો ફેલાવ્યાં હતાં. શાળાના વિધાર્થીઓના "જય જવાન જય કિસાન", "શહીદો અમર રહો" અને "વંદેમાતરમ્"ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે નગર પ્રાથમિક શાળાઓના બાળકો અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.



સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬/૦૭/૧૬ના રોજ કારગીલ ચોક, સુરત ખાતે કારગીલ વિજય દિવસ સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલ જવાનોને શ્રધ્ધાસુમન અર્પણ કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

૮૧૪

## <u>સુરત મહાનગરપાલિકા</u>

# પ્રેસનોટઃ–

સુરત મહાનગરપાલિકાના અગત્યના પ્રશ્નો અને દરેક ઝોન વિસ્તારમાં '૦' રોડ પર થતા દબાણો તેમજ શહેરના ટ્રાફિકને ધ્યાનમા લઈને અન્ય વિસ્તારના રસ્તાઓ પર થતા દબાણો, શહેરના રસ્તાઓ પર મુકવામાં આવેલ સ્ટ્રીટ લાઈટને દરેક ઝોન વિસ્તારમાં તબકકાવાર LED સ્ટ્રીટ લાઈટ મુકવા, ચોમાસા દરમ્યાન મહાનગરપાલિકા વિસ્તારમાં ઉદભવતા પ્રશ્નો અંગે, તથા શહેરના અન્ય રૂટ પર ચાલુ થનાર BRTS રૂટના દબાણો અને તબેલાઓ તાકીદે દુર કરવા વિગેરે બાબતે આજ રોજ માન.મેયરશ્રીની ઓફિસમાં સવારના ૧૧–૦૦ કલાકે એક મિટીંગ રાખવામાં આવેલ હતી. આ મિટીંગમાં મ્યુ.કમિશ્નરશ્રી અને લાગતા–વળગતા ખાતાધિકારીશ્રીઓ સાથે જરૂરી ચર્ચા વિમર્સ કરી પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા, નીચે જણાવ્યા મુજબના મુદ્દા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે.

૧. દરેક ઝોન વિસ્તારમાં '૦' રોડ પરના દબાણો અંગે.

૨. શહેરી વિસ્તારો/મહાનગરપાલિકાની ઓફિસો/ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાઓમાં CCTV કેમેરા અંગે.

૩. BRTS રૂટ ચાલુ થાય તે પહેલા ગાયોના દબાણો દુર કરવા.

૪. મહાનગરપાલિકાના દરેક ઝોન વિસ્તારમાં કચરા પેટી ઉચવકવા માટે પાયલોટ પ્રોજેકટ.

૫. શહેરમાં ગેરકાયદેસર થતા બાંધકામોની દિવસે અને દિવસે વધતી જતી ફરીયાદો અંગે નિર્ણય લેવા બાબત.

૬. દરેક ઝોનમાં ચોમાસા દરમ્યાન જાહેર રસ્તા ઉપર પડતા ખાડાઓને તાકીદેરીપેરીંગ કરવા.

૭. LED સ્ટ્રીટ લાઈટ–દરેક ઝોન

૮૧૫

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભૂષા અને દેશભકિત ગીત સ્પર્ધા

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૬ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૮/૨૦૧૬ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ધો.૪ થી ૮ની વેશભૂષા હરિફાઈ તથા તા.૦૪/૦૮/૨૦૧૬ને ગુરૂવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ધો.૯ થી ૧૨ની દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન ઉમરા કોમ્યુનિટી હોલ, એસ. કે. પાર્ક, ઉમરા ગામ રોડ, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ સામે, ઈચ્છાનાથ, સુરત ખાતે કરવામાં આવેલ છે. **આ બંને સ્પર્ધાઓમાં ફકત અઠવા ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.** સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી વેશભૂષા હરિફાઈના પ્રવેશપત્રો તા.૦૨/૦૮/૨૦૧૬ અને દેશભકિત ગીત સ્પર્ધાના પ્રવેશપત્રો તા.૦૩/૦૮/૨૦૧૬ સુધીમાં પરત કરવાના રહેશે.

૮૧૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ ''વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે'' નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે ''સ્વચ્છ અને સ્વસ્થ ભારત'' ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૫/૦૭/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં ઝોન તથા ગાર્ડન વિભાગ  દ્વારા વૃક્ષારોપાણ કરવા અંગેની કામગીરી કરવામાં આવેલ હતી, તેમજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | વૃક્ષા રોપણની કામગીરી | | વૃક્ષા રોપણની કુલ સંખ્યા |
|---|---|---|---|
| | ગાર્ડન | ઝોન | |
| **વરાછાઝોન** | 210 | 57 | 267 |
| **ઉધના ઝોન** | 205 | 125 | 330 |
| **રાદેરઝોન** | 180 | 45 | 225 |
| **લિબાયતઝોન** | 54 | 48 | 102 |
| **સેન્ટ્રલઝોન** | 105 | 14 | 119 |
| **કતારગામઝોન** | 230 | 135 | 365 |
| **અઠવાઝોન** | 168 | 12 | 180 |
| **ટોટલ** | **1152** | **436** | **1588** |

વધુમાં વૃક્ષારોપાણ પ્રોગ્રામની કામગીરીમાં મ્યુ.સભ્યશ્રીઓ, સીનીયર સીટીઝન, સ્કુલના શિક્ષકો, સ્થાનિક રહિશો તથા પદાધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લિધો હતો. તેમજ આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૩/૦૭/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ EWS આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી, કાર્યકર્તાઓ, સ્થાનીક રહેવાસીઓના ગ્રુપો બનાવી તેઓ દ્વારા સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નીયત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીક કામગીરી કરાવવામાં આવેલ, તેમજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચરૂ/– | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વરાછાઝોન | 14953 | 24196 | 128 | 1821 | 269 | 1245 | 16 | 4300 | 8 | 4925 | 5341 |
| ઉધના ઝોન | 6943 | 13782 | 47 | 2121 | 241 | 594 | 34 | 14350 | 60 | 9978 | 4459 |
| રાદેરઝોન | 1503 | 3285 | 45 | 641 | 201 | 56 | 8 | 13000 | 5 | 550 | 2241 |
| લિબાયતઝોન | 9162 | 25778 | 100 | 7871 | 141 | 552 | 41 | 8700 | 33 | 14306 | 4950 |
| સેન્ટ્રલઝોન | 2984 | 8570 | 19 | 12 | 141 | 211 | 12 | 4300 | 6 | 1358 | 627 |
| કતારગામઝોન | 4937 | 12651 | 47 | 797 | 217 | 163 | 40 | 6500 | 28 | 5559 | 3393 |
| અઠવાઝોન | 1521 | 3518 | 35 | 231 | 83 | 75 | 11 | 15600 | 9 | 1575 | 1506 |
| **ટોટલ** | **42003** | **91780** | **421** | **13494** | **1293** | **2896** | **162** | **66750** | **149** | **38251** | **22517** |

વધુમાં વધુમાં આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૮૧૮

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનમાં ગેરકાયદેસર બાંધકામ સામે આજરોજ કડક કાર્યવાહી કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૧૫ માં આવેલ ઈશ્વરનગર સોસાયટીમાં કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની આગોતરી મંજુરી વગર સબ પ્લોટ નં.૨૭૪ અને ૨૭૫ માં બાંધકામ ચાલુ કરેલ. કબ્જેદારો દ્વારા મિલ્કતનાં કબ્જા હેઠળના પ્લોટ સાઈઝ કરતા પણ વધારે માપવિસ્તારમાં સોસાયટીનાં રોડમાં ૫ ફુટ જેટલું બાંધકામ કરી સોસાયટીનો રોડ બ્લોક કરી દીધેલ. સદર બાંધકામને અત્રેથી કડક ચેતવણી આપી બંધ કરવામાં આવેલ અને કબ્જેદારને ગેરકાયદેસર બાંધકામ દુર કરવા જણાવેલ. જે કબ્જેદાર દ્વારા દુર ન કરાતા આજરોજ તા.૨૭/૦૭/૨૦૧૬ નાં રોજ ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ, દબાણ સ્ટાફ અને ખાનગી કોન્ટ્રાકટર થકી ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરી, વધારાનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ. જેમાં આશરે ૩૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી.બીમ, આર.સી.સી.કોલમ, આર.સી.સી.સ્લેબ તેમજ ૨૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામ દુર કરવામાં આવેલ. કબ્જેદારો / હિતધરાવતાઓ પાસેથી રૂા.૧૫,૦૦૦/– ડિમોલીશન અન્વયે વસુલવામાં આવેલ.

ઉપરાંત લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) માં આવેલ અંબિકાનગર વિભાગ–૨ સોસાયટીમાં રહેણાંક હેતુની મિલ્કતમાં કબ્જેદારો / મિલ્કતદારો દ્વારા ગેરકાયદેસર રીતે હેતુફેર કરી દુકાનો બનાવવાનું ચાલુ કરવામાં આવેલ. ડીંડોલીના અંબિકાનગર વિભાગ–૨ માં સબપ્લોટ નં.૩૯૯,૩૫૪,૪૯૨,૧૭૦ જેટલા પ્લોટમાં મિલ્કતદારો દ્વારા દુકાનો બનાવવાનાં હેતુસર શટર નાંખી દીધેલ અને બાકીના શટર નાંખવા માટેનું બાંધકામ ચાલુ કરી દીધેલ. જે અન્વયે ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ તેમજ ખાનગી કોન્ટ્રાકટરનાં માણસો થકી ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૩(ત્રણ) જેટલા શટર કાઢી નાંખી જમા લેવામાં આવેલ. ઉપરાંત ૧૦૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામ દુર કરવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર પાસેથી રૂા.૨૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ વહીવટ પેટે વસુલવામાં આવેલ. તે જ રીતે ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) માં આવેલ મહાદેવનગર સોસાયટીનાં પ્લોટ નં.૧ અને ૨ માં રહેણાંક વિસ્તારમાં મિલ્કતદારો દ્વારા ગ્રાઉન્ડ + પ્રથમ માળનું કોમર્શીયલ બાંધકામ કરાતાં ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ દ્વરા ૧૦૦ ચો.ફુટ જેટલું સેન્ટરીંગ ખોલી નાંખી સામાન જપ્ત કરવામાં આવેલ.

તદઉપરાંત ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), અનવરનગર ફલાય ઓવરની નીચે રોડની બંને સાઈડ પર ટ્રીટમેન્ટ પલાન્ટ પાસેની જગ્યા પર કાટપીટીયા દ્વારા લાકડાની પ્લાય તથા અન્ય ભંગાર રાખી દબાણ કરવામાં આવેલ. જે આજરોજ અત્રેની કચેરી દ્વારા આશરે ૧૫ ટ્રકો જેટલો સામાન જપ્ત કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

આમ, આજરોજ લિંબાયત ઝોનમાં આશરે ૩૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી.બીમ, આર.સી.સી.કોલમ, આર.સી.સી.સ્લેબ, ૧૦૦ ચો.ફુટ જેટલું સેન્ટરીંગ ખોલવાનું કામ, ૧૨૦૦ ચો.ફુટ જેટલું ચણતરનું ડિમોલીશન કામ કરી કુલ રૂા.૩૫,૦૦૦/– જેટલું ચાર્જ વસુલવામાં આવેલ તથા દબાણ દુર કરવામાં આવેલ.

ઉપરોકત સમગ્ર કામગીરીમાં ડે.ઈજનેરશ્રીઓ, આસી./જુની.ઈજનેરો,આસી.ટાઉનપ્લાનર, દબાણ ખાતાનાં સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૧૫ બેલદારો તથા ખાનગી એજન્સીનાં ૧૫ માણસોની ટીમ રોકાયેલ.

૮૧૯

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૧૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૨૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૦૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૦૬૩ કરદાતાઆ પાસેથી રૂા.૯૦,૦૯,૩૬૭/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૩૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૩ એન્ટ્રીમાં રૂા.૧,૪૯,૬૭૦/– અને આર.સી.ની ૭૧ એન્ટ્રીમાં રૂા.૧,૮૧,૫૫૭/– મળી કુલ રૂા.૩,૩૧,૨૨૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– રીન્યુઅલની ૧૩ એન્ટ્રીમાં રૂા.૮૮૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૩૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૯૧૬૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : ડભોલી મહિલા મંદિર રોડ પરથી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૦ તથા અન્ય–૦૨ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : વસ્તાદેવડી રોડ પરથી દબાણ હટાવી બંધ લારી–૧૯ જપ્ત કરવામાં આવેલ છે.

૮૨૦

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૭/૦૭/ ૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોનના અશ્વનીકુમાર–નવાગામ વિસ્તારમાં દબાણ/ ડિમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ)માં સ્થિત સરસ્વતી સર્કલ નજીક બી.આર.ટી.એસ. રૂટ, હયાત રસ્તા તથા ફુટપાથના ભાગે થયેલ અનઅધિકૃત દબાણો, કાચા/પાકા બાંધકામો તોડીને દુર કરવાની કાર્યવાહી અંતર્ગત ઈન્દીરાનગર નામે વસાહતમાં ઝુંપડા નંગ–૧૦, સુવિધા એન્ટરપ્રાઈઝ, જલારામ લોચો, બ્રહ્માણી પાન એન્ડ કોલ્ડ્રીંક ધ્વારા રસ્તા/ફુટપાથના ભાગે બનાવેલ ઓટલાઓ, હીરાનગર બિલ્ડીંગના રેમ્પ તથા મારૂતિ એપાર્ટમેન્ટના કોર્નર પર બનેલ કંપાઉન્ડ વોલ તથા બાથરૂમ/સંડાસ તોડીને દુર કરી આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારનો રસ્તા/ફુટપાથવાળો ભાગ ખુલ્લો કરવામાં આવ્યો. આજ વિસ્તારના આજુબાજુના એપ્રોચ રોડની બંને તરફના ભાગે જે તે મિલકતદારો ધ્વારા બાંધેલ અસ્થાયી પતરાના શેડ/ ઓટલાઓ વિગેરે તેઓને જાતે સ્વખર્ચે તોડીને દુર કરવા સુરત મહાનગરપાલિકા તરફેથી તાકીદ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શનથી ડે.ઈજનેરશ્રી, શહેરી વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ.

૮૨૧

# સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)
## <u>પ્રેસનોટ</u>

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં તા.૨૭/૦૭/૨૦૧૬ના રોજ ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર), એફ.પી.નં.૪૧ સ્થિત દર્શન સોસાયટીના સબ પ્લોટ નં.૧, ૨ માં મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વિનાનું પ્રથમ માળનું આશરે–૧૪૦૦.૦૦ ચો.ફૂટ જેટલું આર.સી.સી., ચણતરનું બાંધકામ તથા ભોંયતળિયે ૭(સાત)– દુકાનોના શટરો દૂર કરવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર પાસેથી કુલ રૂા.૧,૦૦,૦૦૦/– વહીવટી/ ડિમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

૮૨૨

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૮.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧

અંતર્ગત કુલ : ૦૯ ફાઈલના **રૂા.૦.૯૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન (ખાડા) **૯૬૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન, **૧૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૪ પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:** ૦ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.**૦ લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૪૩** લાખ થયેલ છે., ૩ EC તથા ૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૫૧૮**/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૦૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૮૩૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૭૧૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૧૯૧** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૨૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# -: પ્રેસનોટ :-

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૭/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૦૧ (ઉધના–મજુરા), ફા.પ્લોટ નં.૨૭ અને ૨૮, ભગવતી રેસી. સોસાયટી ,સબ પ્લોટ નં.૨૧, ૨૨ ખાતે ૩૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...823...:[illegible].
તા.૨૭–૦૭– ૨૦૧૬

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૧૮/૦૭/૨૦૧૬ થી તા.૨૪/૦૭/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૬,૬૫૦/–, વેસ્ટઝોન – રૂા.૬,૮૫૦/–, સાઉથઝોન – રૂા.૫,૭૦૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૫૬,૭૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૭,૬૪૦/–, નોર્થઝોન – રૂા.૫,૩૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૨૦,૮૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૧,૦૯,૭૪૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને માસ્ક અને સેફટીકીટનું વિતરણ કરવા માટેનું આયોજન તેમજ "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૬/૦૭/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારોની સુરક્ષા માટે મહાનગરપાલિકા દ્વારા માસ્ક અને સેફટીકીટનું વિતરણ (આરોગ્ય વિભાગ)નો પ્રોગ્રામ પુરો થયા બાદ તેઓ દ્વારા ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | માસ્ક | હેન્ડગ્લોઝ કીટ | સેફટી કીટ | કામદારોની સંખ્યા |
|---|---|---|---|---|
| વરાછાઝોન | 582 | 582 | 582 | 582 |
| ઉધનાઝોન | 541 | 541 | 541 | 541 |
| રાદેરઝોન | 335 | 335 | 335 | 335 |
| લિબાયતઝોન | 390 | 390 | 390 | 390 |
| સેન્ટ્રલઝોન | 925 | 925 | 925 | 925 |
| કતારગામઝોન | 620 | 620 | 620 | 620 |
| અઠવાઝોન | 353 | 360 | 360 | 360 |
| **ટોટલ** | **3746** | **3753** | **3753** | **3753** |

વધુમાં ઝોનના મેઈનરોડ આજુ બાજુ ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ કામદારોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને માસ્ક અને સેફટીકીટનું વિતરણ કરવા માટેનું આયોજન તેમજ "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૬/૦૭/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારોની સુરક્ષા માટે મહાનગરપાલિકા દ્વારા માસ્ક અને સેફટીકીટનું વિતરણ (આરોગ્ય વિભાગ)નો પ્રોગ્રામ પુરો થયા બાદ તેઓ દ્વારા ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | માસ્ક | હેન્ડગ્લોઝ કીટ | સેફટી કીટ | કામદારોની સંખ્યા |
|---|---|---|---|---|
| **વરાછાઝોન** | 582 | 582 | 582 | 582 |
| **ઉધનાઝોન** | 541 | 541 | 541 | 541 |
| **રાદેરઝોન** | 335 | 335 | 335 | 335 |
| **લિબાયતઝોન** | 390 | 390 | 390 | 390 |
| **સેન્ટ્રલઝોન** | 925 | 925 | 925 | 925 |
| **કતારગામઝોન** | 620 | 620 | 620 | 620 |
| **અઠવાઝોન** | 353 | 360 | 360 | 360 |
| **ટોટલ** | **3746** | **3753** | **3753** | **3753** |

વધુમાં ઝોનના મેઈનરોડ આજુ બાજુ ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ કામદારોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૮૨૭

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૭/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ મોજે–મજુરા, રે.સ.નં.૧૬૪ માં આવેલ સ્વામી ઈંઝસ્ટ્રીયલ સોસાયટીના સબ પ્લોટ નં.૨૧વાળી મિલ્કતનાં માર્જીનમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ગેરકાયદેસર બાંધકામ વાળી ૦૪(ચાર) દુકાનો સીલ કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં આવેલ અલથાણ ટેનામેન્ટ પાસેના ૧૫.૦૦ મી.ના ટી.પી.રસ્તા પર થી ૪૫(પિસ્તાળીસ)નંગ લારીનું ગેરકાયદેસર દબાણ આજરોજ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગનો સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૪(ચાર)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૨૫ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો પાંચ મોમેડીકલ કેમ્પતા.૩૦/૦૭/૨૦૧૬ને શનિવારનાં રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર, વિજયાનગરની બાજુમાં, સુમન હાઈસ્કુલ/મરાઠી સ્કુલ પાસે, ઉધના.ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

૮૨૯

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૮/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૬(અલથાણ)ના ફા.પ્લોટ નં.૧૨૩(યુટીલીટી સેન્ટર)ના હેતુ માટેના પ્લોટમાંથી ૧૮ નંગ ઝુપડા આજરોજ દુર કરી રીઝર્વેશન પ્લોટમાંથી દબાણ દૂર કરવામાં આવેલ છે.
- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪(ઉમરા–સાઉથ)ના ફા.પ્લોટ નં.૧૧૬(ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન)ના હેતુ માટેના પ્લોટમાંથી ૦૩ નંગ ઝુપડા આજરોજ દુર કરી રીઝર્વેશન પ્લોટમાંથી દબાણ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગનાં સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૮૩૦

# પ્રેસનોટ :–

સુરત મહાનગર પાલિકાના પર્ક્રિમઝોન દ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા તેમજ મજૂરોની આરોગ્ય સુખાકારી જળવાય રહે તે માટે બાંધકામ ખાતે આદરેલી સામુહિક ઝૂંબેશ :–

---

સુરત મહાનગર પાલિકાના પર્ક્રિમઝોન હદ વિસ્તારમાં આવેલ બાંધકામોમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા તેમજ બાંધકામ ખાતે વસવાટ કરતાં મજૂરોની આરોગ્ય સુખાકારી જળવાય રહે તે આશયથી કુલ :– **<u>૯૪</u>** બાંધકામ ખાતે વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરેલ જેમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણની સંભાવના ધરાવતાં તેમજ મજૂરોને 'મચ્છરદાની' ની સુવિધા ન આપતાં **<u>૨૦</u>** ઓર્ગનાઈઝરો ને તાત્કાલિક સુવિધા પુરી પાડવા તાકીદ કરી જ@રી જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરીના ભાગરૂપે વહિવટી પરચૂરણ ખર્ચ પેટે રૂ./– **<u>૧૦૨૫૦૦/</u>**– (અંકે એક લાખ બે હજાર પાંચસો પૂરા) સ્થળ ઉપર વસૂલ લીધેલ છે.

આથી તમામ ચાલુહાલતમાં / પડતર બાંધકામના ઓર્ગેનાઈઝરો / કબ્જેદારોને જણાવવાનું કે તમારી મિલ્કતમાં પાણી ભરાવો થઈને મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા ઉપરાંત વસવાટ કરતાં મજૂરોને 'મચ્છરદાની' અને 'શૌચાલય' ની સુવિધા પુરી પાડવા અનુરોધ કરવામાં આવે છે. તેમ કરવામાં નિષ્ફળ જનાર કસુરદારો ની મિલ્કત ''સ્થગિત'' કરવા સુધીની કાર્યવાહી કરવા ઉપરાંત **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટની PIL/122-2011 ના તા. ૩૦/૦૪/૨૦૧૪ ના ચુકાદામાં</u>** થયેલ હુકમનું પાલન ન કરવા બદલ ''કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'' ની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની નોંધ લેશો.

૮૩૧

# <u>પ્રેસનોટ</u>

## " ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), રતનજીનગરમાં ગેરકાયદેસર ગાળાઓનું ડીમોલીશન "

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૧૯ માં આવેલ રતનજીનગર સોસાયટીમાં આજ તા.૨૮/૦૭/૨૦૧૬ નાં રોજ કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ તથા સુરત શહેર પોલીસ સ્ટાફ તેમજ સુરત મહાનગરપાલિકાનાં સીકયુરીટી સ્ટાફની મદદથી ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ.

લિંબાયત ઝોનમાં આવેલ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં.૧૯ માં આવેલ રતનજીનગર સોસાયટીમાં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વગર ૧૨(બાર) ગાળાટાઈપ મકાનો ચણી દેવાની કવાયત શરૂ કરેલ. જેમાં પાંચ ગાળા પ્લીન્થ લેવલે, ચાર ગાળા ગ્રાઉન્ડ ફ્લોર લેવલે તેમજ ત્રણ ગાળા ગ્રાઉન્ડ ફ્લોર + એક માળ લીન્ટલ લેવલ સુધી ચણી દેવામાં આવેલ. સદર બાંધકામને ઝોન કચેરીએથી અટકાવવામાં આવેલ. પરંતુ પ્લોટ નં.૨૬૨ થી ૨૬૪ નાં મિલ્કતદાર દ્વારા ચેતવણીને ધરાર અવગણીને બાંધકામ ચાલુ રાખી પ્રથમ માળનાં સ્લેબ ભરવાનાં ઈરાદે સેન્ટરીંગ / શટરીંગકામ કરેલ. જે સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનનાં શહેર વિકાસ વિભાગનાં અધિકારીઓ / કર્મચારીઓને ધ્યાને આવતાં આજરોજ સદરહુ ગેરકાયદેસર ગાળાઓનાં ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ૦૩(ત્રણ) ગાળાઓમાં થયેલ બિનઅધિકૃત ગ્રાઉન્ડ ફ્લોર + એક માળના બાંધકામ અન્વયે પ્રથમ માળે આશરે ૧૨૬૦ ચો.ફુટ જેટલું સેન્ટરીંગ અને આશરે ૮૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામ સંપૂર્ણપણે દુર કરવામાં આવેલ. તથા આશરે ૧૧૦ ચો.ફુટ આર.સી.સી.દાદરનું બાંધકામ દુર કરી મિલ્કતદાર / કબ્જેદાર પાસેથી રૂ.૫૧,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલવામાં આવેલ.

ઉપરોકત કામગીરીમાં લિંબાયત ઝોનનાં ડે.ઈજનેરો, ડે.ટાઉનપ્લાનર, આસી./જુની.ઈજનેરો, આસી.ટાઉનપ્લાનર, દબાણ ખાતાનાં સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૧૫ બેલદારો તથા ખાનગી એજન્સીનાં ૨૦ માણસો તેમજ સાઉથ (ઉધના) ઝોનનાં દબાણ સ્ટાફની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

# <u>પ્રેસનોટ</u>

પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં તા.૨૮/૦૭/૨૦૧૬ના રોજ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની તથા આવાસોને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર), એફ.પી.નં.૪૧ સ્થિત દર્શન સોસાયટીના સબ પ્લોટ નં.૧, ૨ માં મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વિનાનું ગ્રાઉન્ડ ફ્લોર તથા પ્રથમ માળ બંને મળીને કુલ આશરે–૮૪૦૦.૦૦ ચો.ફૂટ જેટલું આર.સી.સી., ચણતરનું બાંધકામ તથા ભોંયતળિયે ૭(સાત)– દુકાનોના શટરો દૂર કરવામાં આવેલ છે. જેમાં એક જે.સી.બી. બ્રેકર મશીન, એક પોકલેન મશીન તથા એક જે.સી.બી.ની મદદ લેવામાં આવેલ.

(૨) મોજે–રાંદેર ગામતળના ટીકા નં.૦૯, સીટી સર્વે નં.૭૩+૭૪ વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધનું પાંચમા માળનું આસી.સી.બીમ, કોલમ, સ્લેબ સહિતનું અંદાજે–૧૮૦૦ ચો.ફૂટનું બાંધકામ તથા ચણતરની દિવાલ સહિતનું પાંચમા માળનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

તથા મોજે–રાંદેર ગામતળના ટીકા નં.૦૯, સીટી સર્વે નં.૮૧ વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધનું પાંચમા માળનું આસી.સી.બીમ, કોલમ, સ્લેબ સહિતનું અંદાજે–૫૫૦ ચો.ફૂટનું બાંધકામ તથા ચણતરની દિવાલ સહિતનું પાંચમા માળનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૯૧ ખાતે આવેલ JnNURM-BSUP આવાસ યોજનાના બિલ્ડીગ નં.૦૮,૦૯ અને ૧૦માં ગેરકાયદેસર ઈસમોએ આવાસોના ગેરકાયદેસર કબ્જા ધારણ કરી વસવાટ કરતા હતા, આ ઈસમોને સ્થળ પરથી દૂર કરવાની કાર્યવાહી રાંદેર ઝોન કચેરી ધ્વારા હાથ ધરવામાં આવેલ હતી. કાર્યવાહીના ભાગરૂપે કુલ – ૯૦ આવાસોનો કબ્જો ઝોન કચેરી ધ્વારા પરત લેવામાં આવેલ છે અને કબ્જો લીધેલ આવાસોને સીલ મારવામાં આવેલ છે.

મે. કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી અને આસી. મ્યુ. કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલિસ બંદોબસ્ત સાથે શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ તથા જમીન મિલ્કત વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 832
તા.૨૮/૦૭/૨૦૧૬

**સુરત મહાનગરપાલિકા**

**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**–: પ્રેસનોટ :–**

**મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત LIG તથા EWS સ્કીમના આવાસોના કબજો લેવા બાબત.**

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત EWS-2 અને EWS-3 સ્કીમના કુલ–૫૪૮ આવાસો તેમજ LIG-7, LIG-8, LIG-9, LIG-10, LIG-16, LIG-17, LIG-18, LIG-19, LIG-21 અને LIG-22 સ્કીમના કુલ–૧૦૫૩ આવાસો મળી કુલ–૧૬૦૧ આવાસોનું લોકાર્પણ કરવામાં આવેલ હોય, ઉક્ત સ્કીમના જે લાભાર્થીઓએ આવાસના પુરેપુરા નાણાં જમા કરાવેલ હોય, તેવા લાભાર્થીઓએ દસ્તાવેજની કાર્યવાહી કરી આવાસનો કબજો લેવા માટે નીચે જણાવેલ પુરાવા સાથે એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, યુ.સી.ડી. બિલ્ડીંગ, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ખાતે તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે.

**:: પુરાવાની યાદી ::**

૧. અરજદાર પતિ–પત્ની તથા એક સાક્ષી ના નંગ–૨ પાસપોર્ટ સાઈઝના ફોટા.
૨. અરજદાર પતિ–પત્ની તથા એક સાક્ષીનું કોઈપણ ૧(એક) આઈ.ડી. પ્રુફની પ્રમાણિત કરેલ નકલ નંગ–૨
૩. અરજદાર પતિ–પત્નીના પાનકાર્ડની પ્રમાણિત કરેલ નકલ નંગ–૨
૪. અરજદારનું એડ્રેસ પ્રુફની પ્રમાણિત કરેલ નકલ નંગ–૨
(દરેક પુરાવાની ઓરીજીનલ નકલ સાથે રાખવી)

વધુમાં ઉક્ત સ્કીમોના જે લાભાર્થીઓના પુરેપુરા નાણાં જમા કરાવવાના બાકી હોય, તેવા લાભાર્થીઓએ તાકિદે પોતાને ફાળવેલ આવાસના પુરેપુરા નાણાં જમા કરાવવાના રહેશે. ત્યાર બાદ દસ્તાવેજ તથા આવાસનો કબજો મેળવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

EWS તેમજ LIG ની ઉક્ત સ્કીમો સિવાયની અન્ય સ્કીમોના આવાસોના લોકાર્પણ ટુંક સમયમાં થનાર હોય, તેવી સ્કીમોના લાભાર્થીઓએ પણ પોતાના આવાસના બાકી રહેતા પુરેપુરા નાણાં જમા કરાવી, આવાસોના લોકાર્પણ પછીથી દસ્તાવેજની કાર્યવાહી કરી આવાસનો કબજો લઈ શકશે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 833 –
તા.૨૮/૦૭/૨૦૧૬

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૯૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૭૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૨૬૭ કરદાતાઓ પાસેથી રૂા.૧,૦૭,૨૭,૦૫૨/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૨૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૯ એન્ટ્રીમાં રૂા.૧,૭૨,૪૮૦/– અને આર.સી.ની ૫૦ એન્ટ્રીમાં રૂા.૨,૦૩,૮૦૦/– મળી કુલ રૂા.૩,૭૬,૨૮૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા નારાયણનગર માર્કેટથી તથા બળવંતનગર સોસાયટીથી દબાણ હટાવી ખુલ્લી લારી–૨૫ તથા અન્ય–૩૪ જપ્ત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૨૭,૨૦૦/–, દબાણ ચાર્જના રૂા.૬,૯૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૨૦૦/– મળી કુલ રૂા.૩૫,૩૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 834
તા.૨૮/૦૭/૨૦૧૬

૮૩૫

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૩/૦૭/૧૬ થી તા.૨૯/૦૭/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૪૫૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૧૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૧૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૭ |
| ૫ | માયનોર ઓપરેશન | ૩૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૬ |

૮૩૬

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં આજ તા.૨૯/૦૭/૨૦૧૬ નાં રોજ બાંધકામ સામે કડક કાર્યવાહી કરવામાં આવેલ છે.

લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૭ અને ૬/બી માં આવેલ નારાયણનગર ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં સબ પ્લોટ નં.એફ–૭ અને એફ–૮ માં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા હયાત ત્રણ માળની મિલ્કત પર ચોથો માળ બાંધવાનું ચાલું કરવામાં આવેલ. સદર બાંધકામને ઝોન કચેરી દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ. મિલ્કતદારો / કબ્જેદારોને બાંધકામ ન કરવા કડક ચેતવણી પણ આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો દ્વારા બાંધકામને ચાલુ રાખી ચોથા માળે આર.સી.સી.સ્લેબ સુરત મહાનગરપાલિકાની કોઈ પણ જાતની મંજુરી વગર કાસ્ટ કરી દેવામાં આવેલ. જે સામે ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ચોથા માળનાં સ્લેબનું ડિમોલીશન ચાલું કરેલ. ડિમોલીશન અંતર્ગત આશરે ૨૦૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી.સ્લેબ ડિમોલીશન કરવામાં આવેલ. જયારે આશરે ૩૫૦ ચો.ફુટ જેટલું ચણતર દુર કરવામાં આવેલ. ઉપરાંત આર.સી.સી.બીમ અને આર.સી.સી.સ્લેબ ડિમોલીશન કરવાની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત કામગીરીમાં લિંબાયત ઝોનનાં ડે.ઈજનેરો, આસી./જુની.ઈજનેરો, દબાણ ખાતાનાં સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૨૦ બેલદારો તથા ખાનગી એજન્સીનાં ૩૦ માણસોની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ.

૮૩૭

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૨/૦૭/૨૦૧૬ થી તા.૨૮/૦૭/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૧,૬૦૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૮,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૧૦.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૮.૬૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૪૪ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૩૮,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૨,૦૮૦ અને ૮,૦૮૮ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૬૪,૨૫૦/– અને રૂા.૨,૯૦,૨૮૦/– રકમ મળી કુલ રકમ રૂા.૪,૫૪,૫૩૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૯.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એક્ટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૩ લોકેશન (ખાડા) ૩૬૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૪** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન(ખાડા) **૭૨૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૮** લોકેશન, **૨૧૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮(બમરોલી),બ્લોક નં.૧૬૫, ફા.પ્લોટ નં. ૬૬/એ,બી, પ્લોટ નં.૧૬૬, શાંતિનિકેતન સોસાયટી ખાતે ૧૮૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૫૬(બમરોલી),બ્લોક નં.૧૯૨, ફા.પ્લોટ નં. ૧૬,૧૭ વિનાયક નગર ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૫૪૦ ચો.ફુટ પતરા તથા ૬૮૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી. ૬૩ (વડોદ) જગન્નાથનગર ના ૪૫ મી. રોડ પર ૭૦૦ ચો.ફુટમાં આવેલ કાચા પાકા મકાનોનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૮૨ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૭૯** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૦૬.૨૧** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૨૪** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૧૩** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૭૮૩/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૩૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫,૧૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૮૭૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૭૭૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૮૮ કરવામાં આવેલ છે. જયારે **૫૫** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૮૩૯

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૩૧૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૮૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૮૯૧ કરદાતાઓ પાસેથી રૂા.૧,૦૦,૭૭,૧૮૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૪૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૮૩ એન્ટ્રીમાં રૂા.૧,૯૪,૯૭૦/– અને આર.સી.ની ૫૮ એન્ટ્રીમાં રૂા.૨,૨૪,૭૦૭/– મળી કુલ રૂા.૪,૧૯,૬૭૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૫૧૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : ધનમોરા મેઈન રોડથી દબાણ હટાવી અન્ય–૧૭ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : અમરોલી માનસરોવર સર્કલ તથા નારાયણનગર માર્કેટથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૯, બંધ લારી–૦૧ તથા અન્ય–૩૬ જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૮.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧

અંતર્ગત કુલ : ૦૯ ફાઈલના **રૂ.૦.૯૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન (ખાડા) **૯૬૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન, **૧૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:** ૦ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૬.૪૩** લાખ થયેલ છે., ૩ EC તથા ૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૫૧૮**/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂ.૨,૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૨,૦૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૮૩૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૭૧૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૧૯૧** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૩,૨૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## "પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ"

શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા કલા–સંસ્કૃતિનાં જતન માટે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોનો સૂર જાહેર જનતામાં ગુંજતો રહે, તે માટે સળંગ બાર માસ સુધી ગુજરાત રાજયના અલગ–અલગ શહેરોમાં દર માસની પહેલી તારીખે તે નિમિત્તે ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવનાર છે. જે અંતર્ગત ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૦૧/૦૮/૨૦૧૬ને સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે "મારે ટોડલે બેઠો મોર" શીર્ષક હેઠળ "પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ"નું આયોજન સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાછળ, હજીરા રોડ, પાલ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત શહેરની જાહેર જનતાના હિતાર્થે યોજનારા આ સંગીત સમારોહનો તા.૦૧/૦૮/૨૦૧૬ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાના પ્રમુખપણા હેઠળ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી નાનુભાઈ વાનાણી, માન.મંત્રીશ્રી, રાજયકક્ષા, રમત–ગમત, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ(સ્વતંત્ર હવાલો), જળસંપત્તિ (કલ્પસર સિવાય), શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ગુજરાત રાજય સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં દીપપ્રગટાવી શુભારંભ કરાવશે. શ્રી ગોપાલભાઈ બરોટના સંચાલક તથા લોક સાહિત્યકારશ્રી મેરામણભાઈ ગઢવીના સંચાલન હેઠળ સુપ્રસિધ્ધ લોક ગાયકશ્રી અભેસિંહ રાઠોડ અને લોક ગાયિકા શ્રી મીનાબેન પટેલ "પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના કંઠે ગવાયેલ ગીતો રજુ કરશે. પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોનો સૂર જાહેર જનતામાં ગુંજતો રહે તે હેતુથી તેઓને સ્વરાંજલિ અર્પણ કરતા "મારે ટોડલે બેઠો મોર" સંગીત સમારોહ જાહેરજનતા માટે વિનામૂલ્યે તથા પ્રવેશ પહેલા તે વહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સંગીતપ્રેમી નગરજનોએ સમયસર ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરે છે.

૮૪૨

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

**(૧)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં.૪૮૮૬ થી ૪૮૮૯ મટન માર્કેટ પાસે, ઝાંપાબજાર મેઈન રોડ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ એલાઈમેન્ટવાળા ભાગમાં આશરે ૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પ્રોજેકશનમાં કરવામાં આવેલ આર.સી.સી. બીમ તથા સ્લેબ સહિતનું બાંધકામ આજે તા.૨૯/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

**(૨)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં.૪૮૫૯, ૪૯૫૫/બી શૈફી સ્ટ્રીટ, ઝાંપાબજાર, બેગમપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ છઠ્ઠા માળે બાંધકામ કરતાં અત્રેથી તા.૨૨/૦૭/૧૬ ના રોજ ધી બી.પી.એમ.સી. એકટ મુજબની નોટીસો પાઠવવામાં આવેલ. જે અન્વયે આજે તા.૨૯/૦૭/૧૬ ના રોજ આશરે ૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ મિલ્કતદાર ધ્વારા સ્વૈચ્છિક રીતે તોડી દૂર કરવામાં આવેલ છે.

૮૪૩

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

તા.૨૯/૦૭/૧૬ નાં રોજ શહેરનાં જુદા–જુદાવિસ્તારમાં ઈસ્ટ ઝોનનાં વલ્લભનગર, પૂણાગામ, સાઉથઝોનનાં હળપતિવાસ, હરીજનવાસ, ભેસ્તાન, પ્રમનગર, ભેડવાડ પાંડેસરા તેમજ સા.ઈસ્ટ ઝોનનાં રતનનગર,રાજીવનગર, નવા હળપતિવાસ ડીંડોલી, વિસ્તારમાં જઈ સર્વે, આઈઈસી વિગેરે કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમાં ૧૮૩૫ કુટુબનું સર્વેલન્સ કરી ૬૬૨૮ વસ્તી આવરી લેવામાં આવેલ છે.૧૧૦૦૦ નંગ કલોરીન ટેબલેટનું વિતરણ ૨૩ કલોરીન ટેસ્ટ ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે.સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ્ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી.૦૪ મેગા મેડીકલ કેમ્પ તથા ૨૯ નાના કેમ્પો મળી કુલ ૩૩ કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૫૯૬૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન વિસ્તારમાં આવેલ ઉમરવાડા આંબેડકર નગરમાં તા.૩૦–૧૧–૧૫ ના રોજ રાત્રીના સમયે આગ લાગવાથી ૧૫ ઝુપડા બળી ગયેલ, જેમાં ૧૭ અસરગ્રસ્તોને મહાનગરપાલિકાના મેયર્સફંડ સમિતિના ઠરાવોના નીતિનિયમો અનુસાર નીચે જણાવ્યા મુજબના દરેક પરિવારોને રૂા.૫,૦૦૦/– રોકડા તથા સ્ટીલ વાસણ સેટ તેમજ ૩ લીટર ક્ષમતાવાળો, ૧૦ દિવેટ વાળો સ્ટવ આજ રોજ માન.મેયરશ્રીની ઓફિસમાં માન.મેયરશ્રી અને હોસ્પિટલ સમિતિના ચેરમેન ડૉ.રમણભાઈ આત્મારામ પરમાર અને કાયદા સમિતિના ચેરમેનશ્રી નરેશભાઈ મફતભાઈ પટેલના હસ્તે તેઓશ્રીને તેઓની દરેકની હાજરીમાં રૂબરૂમાં આર્થિક સહાય આપવામાં આવેલ છે.

૧. મીરાબાઈ દિલીપભાઈ સીરસાઠ
૨. નિર્મળાબેન ગોરખભાઈ ગોરસ
૩. એલપ્પા મંછાભાઈ રાજા
૪. રાજા એલપ્પા
૫. જીભોવનભાઈ માગરે
૬. અભાભાઈ ભીમરાવભાઈ માગરે
૭. બેબીબેન ભીમરાવભાઈ માગરે
૮. ઉષાબેન પ્રેમનાથ ઉપાધ્યા
૯. કેસરભાઈ કથુભાઈ માગરે
૧૦. પ્રકાશભાઈ કથુભાઈ માગરે
૧૧. સંજયભાઈ પુરનભાઈ પવાર
૧૨. શેરખાન સમશેર ખાન
૧૩. મારેગા બાબુભાઈ પવાર
૧૪. અલકાબેન પુરનભાઈ પવાર
૧૫. ગણેશભાઈ પ્રકાશભાઈ માગરે
૧૬. જાદવભાઈ જયાભાઈ વિજયભાઈ
૧૭. વિમલબેન રામદાસ સારવેન

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૨/૦૮/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિત્તે તા.૦૧/૦૮/૧૬ થી તા.૧૫/૦૮/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારમા આવેલ કોલેજના વિધાર્થીઓ/NSS/NCCના કેડેટ, યુવા સ્વયંસેવકો તથા નાગરીકોના સહયોગથી સ્લમ વિસ્તારોમાં સફાઈ તથા વિવિધ પ્રવૃતિ કરવા તેમજ "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે. તે મુજબ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત નીચે મુજબના પ્રોગ્રામ અનુશાર સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં વિવિધ પ્રવૃતિઓ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવનાર છે.

| તારીખ | કામગીરી |
|---|---|
| ૦૧/૦૮/૧૬ | પોસ્ટર, હોર્ડીંગ્સ, પેમ્ફલેટ દ્વારા સ્કુલ, કોલેજ, લાયબ્રેરી અને હોસ્ટેલોની એનરોલમેન્ટ ડ્રાઈવ અને સ્વચ્છતાના my gov.in પર શપથ |
| ૦૨/૦૮/૧૬ | NSS/NCC/યુથ કલબ દ્વારા સ્કુલ, કોલેજ,લાયબ્રેરી અને હોસ્ટેલોમાં સફાઈ ઝુંબેશ |
| ૦૩/૦૮/૧૬ | સામુહિક વૃક્ષારોપણ |
| ૦૪/૦૮/૧૬ | NSS/NCC/યુથ કલબોમાં સેફ સેનેટરી પ્રેકટીસ અને ઘન કચરાના વર્ગીકરણ અંગેનો વર્કશોપ |
| ૦૫/૦૮/૧૬ | NSS/NCC/યુથ કલબો દ્વારા EWS આવાસ અને સ્લમ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ અને સેફ સેનેટરી પ્રેકટીસ અને ઘન કચરાના વર્ગીકરણ અંગેનો વર્કશોપ |
| ૦૬/૦૮/૧૬ | ડ્રાય ડે |
| ૦૮/૦૮/૧૬ | NSS/NCC/સાઈકલ કલબોના સહયોગથી કારગીલ ચોક–વી.આર મોલ–કારગીલ ચોક સુધી સાઈકલ રેલી દ્વારા જનજાગૃતી અભિયાન |
| ૦૯/૦૮/૧૬ | અનાથ આશ્રમ અને આગણવાડીમાં સ્વચ્છતા અભિયાન |
| ૧૦/૦૮/૧૬ | સ્વચ્છ ભારતની થીમ ઉપર આધારીત દરેક ઝોન દ્વારા વોલ પેઈન્ટીંગ અને કલીન કોર્નરની કામગીરી |
| ૧૧/૦૮/૧૬ | સ્વચ્છ ભારતની થીમ ઉપર આધારીત યુનિવર્સસીટીના ફાઈન આર્ટસ ડીપાર્ટમેન્ટ દ્વારા શેરી નાટક અને કઠપુતળી શોનુ આયોજન |
| ૧૨/૦૮/૧૬ | "ઈન્ટરનેશનલ યુથ ડે" નિમિત્તે NSS/NCC/યુથ કલબ/ઈકો કલબ દ્વારા ઓવારાઓની સફાઈ ઝુંબેશ |
| ૧૩/૦૮/૧૬ | ડ્રાય ડે |
| ૧૫/૦૮/૧૬ | મેગા મેડીકલ કેમ્પ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારના પ્રાઈવેટ/હેલ્થ સેન્ટરના ડોકટરો દ્વારા સીનીયર સીટીઝન તેમજ કામદારોના હેલ્થ ચેકઅપના કેમ્પનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૮/૦૭/૧૬ના રોજ મહાનગરપાલિકા ઝોન વિસ્તારના પ્રાઈવેટ/હેલ્થ સેન્ટરના ડોકટરો દ્વારા તેમના કલીનીક પર હેલ્થ ચેકઅપના કેમ્પનું આયોજન કરી સીનીયર સીટીઝન તેમજ કામદારોના હેલ્થ ચેકઅપ અંગેની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | હેલ્થ ચેકઅપનો વિભાગ | | હોસ્પિટલ/ કલીનીકની સંખ્યા | ચેકઅપ કરેલ સીનીયર સીટીઝન/ કામદારની સંખ્યા |
|---|---|---|---|---|
| | હેલ્થ સેન્ટરના ડોકટર | પ્રાઈવેટ ડોકટર | | |
| વરાછાઝોન | 6 | 6 | 6 | 246 |
| ઉધનાઝોન | 10 | 9 | 9 | 312 |
| રાદેરઝોન | 3 | 5 | 5 | 89 |
| લિબાયતઝોન | 4 | 12 | 12 | 171 |
| સેન્ટ્રલઝોન | 7 | 4 | 4 | 522 |
| કતારગામઝોન | 1 | 3 | 3 | 70 |
| અઠવાઝોન | 4 | – | – | 92 |
| **ટોટલ** | **35** | **39** | **39** | **1502** |

વધુમાં સીનીયર સીટીઝન તેમજ કામદારોના હેલ્થ ચેકઅપ કર્યા બાદ તેઓને ડોકટરો દ્વારા આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી. તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારોને "સ્વચ્છતા મિત્ર" ના બેજ આપી સન્માન કરવામાં આવેલ છે.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**-: પ્રેસનોટ :-**

**સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૯/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮(બમરોલી),બ્લોક નં.૧૬૫, ફા.પ્લોટ નં. ૬૬/એ,બી, પ્લોટ નં.૧૬૬, શાંતિનિકેતન સોસાયટી ખાતે ૧૮૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૧૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૬(બમરોલી),બ્લોક નં.૧૯૨, ફા.પ્લોટ નં. ૧૬,૧૭ વિનાયક નગર ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૫૪૦ ચો.ફુટ પતરા તથા ૬૮૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી. ૬૩ (વડોદ) જગન્નાથનગર ના ૪૫ મી. રોડ પર ૭૦૦ ચો.ફુટમાં આવેલ કાચા પાકા મકાનોનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં............ 847
તા.૩૦–૦૭– ૨૦૧૬

૮૪૮

# —: પ્રેસ નોટ :—

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૩૦/૦૭/૨૦૧૬ ના રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર, વિજયાનગરની બાજુમાં, સુમન હાઈસ્કુલ/મરાઠી સ્કુલ પાસે, ઉધના. ખાતે દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં રૂગ્ણાલય સમિતિનાં ચેરમેન ડો.રમણ પરમાર, દંડક શ્રી મૂળજીભાઈ ઠકકર, કાયદા સમિતિનાં ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ, સ્થાયી સમિતિ સભ્ય શ્રીમતી રોહીણીબેન પાટીલ, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ એન્ડ ડાયરેકટર(મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ) ડો.એચ.ડી.દુધવાલા, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, નાયબ આરોગ્ય અધિકારી (વેકસીનેશન બ્રાંચ) ડો.એચ.સી.ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી (સાઉથ ઝોન) ડો.એસ.એસ.દાસ, આસી.જંતુનાશક અધિકારી (સાઉથ ઝોન) શ્રી કે.બી.દેસાઈ મ્યુ.સદસ્ય શ્રી સોમનાથભાઈ મરાઠે, ડો.ડી.એમ.વાનખેડે , શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, શ્રીમતી કિશોરીબેન કાપડીયા તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૮૨૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૪૮, સર્જન દ્વારા ૭૮, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૯૫, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૩૫, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૯૩, આંખના નિષ્ણાંત દ્વારા ૨૨૧, મેડીકલ ઓફીસર દ્વારા ૫૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૧૦૨ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૨૮૪ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની જુદી–જુદી આરોગ્ય લક્ષી યોજનાઓની જાણકારી આપી હતી. જુદા–જુદા રોગ અંગેની ૩૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૪૨, ઓરલ પીલ્સ ૧૨ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૪૪૦ ટેબ્લેટ, કલોરીન ટેબ્લેટ ૧૦૦૦ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૩ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૩ પોલીયોની રસી, ૧ બાળકને ઓરી, ૧ બાળકને ડી.પી.ટી.ની રસી, ૨ બાળકોને વીટામીન–એ અને ૨ લાભાર્થીઓને મધર્સ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.




તા.૩૦/૦૭/૧૬ શનિવારના રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર, વિજયાનગરની બાજુમાં, સુમન હાઈસ્કૂલ/મરાઠી સ્કૂલ પાસે, ઉધના. ખાતે દિપ પ્રાગટ્ય કરી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરતા રુગ્ણાલય સમિતિ ચેરમેન ડૉ.રમણ પરમાર, દંડક શ્રી મુળજીભાઈ ઠક્કર, આયક્ષ કાયદા સમિતિનાં ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ, સ્થાયી સમિતિ સભ્ય શ્રીમતી રોહીણીબેન પાટીલ, ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડૉ.હેમંત દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ એન્ડ ડાયરેક્ટર(મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ) ડૉ.એમ.ડી.દુધવાલા, આસી.કમિશનરશ્રી એ.એમ.રાજ આરોગ્ય અધિકારી ડૉ.આશિષ નાયક, મ્યુ.સદસ્ય. શ્રી સોમનાથભાઈ મરાઠે, ડૉ.ડી.એમ.વાનખેડે , શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, શ્રીમતી કિશોરીબેન કાપડીયા દશ્યમાન છે.

૮૪૯

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

આ મોબઈલ મેડીકલ ટીમો દ્વારા તા.૨૯/૦૭/૧૬ ને બપોર બાદ અને તા.૩૦/૦૭/૧૬ બપોર સુધીમાં શહેરનાં જુદા–જુદા વિસ્તારમાં બમરોલીનાં કૈલાશનગર, લીબાંયતનાં કાન્તીનગર, નુરાનીનગર, કૈલાશનગર, શીવાજી પાર્ક, ન્યુ.ડીડોલી, તેમજ કોસાડ–અમરોલીનાં આશાપુરી સોસાયટી, ઈન્દીરાનગર વિસ્તારમાં જઈ સર્વે તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમાં ૭૨૭ કુટુબનું સર્વેલન્સ કરી ૩૦૭૪ વસ્તી આવરી લઈ ૧૫ કલોરીન ટેસ્ટ ને ૬ પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે. ૬૦૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી.૦૫ મેગા મેડીકલ કેમ્પ તથા ૨૯ નાના કેમ્પો મળી કુલ ૩૪ કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૬૭૮૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૪૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૨૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૫૪૯ કરદાતાઓ પાસેથી રૂા.૬૧,૭૮,૯૪૧/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૧૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૫ એન્ટ્રીમાં રૂા.૧,૩૭,૧૦૬/– અને આર.સી.ની ૫૩ એન્ટ્રીમાં રૂા.૨,૧૮,૭૯૦/– મળી કુલ રૂા.૩,૫૫,૮૯૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૧ એન્ટ્રીમાં રૂા.૪૬૦/– રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૪૬૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

ડ્રેનેજ ખાતા ધ્વારા ૧૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવ્યા.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : સીંગણપોર માર્કેટથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૨ તથા અન્ય–૦૪ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : અમરોલી માર્કેટ થી માનસરોવર સર્કલ સુધી દબાણ હટાવી ખુલ્લી લારી–૨૪ તથા બંધ લારી–૦૧ જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

આથી સુરત શહેર વિસ્તારના દરેક ખાદ્ય પદાર્થના વેચાણ તથા ઉત્પાદન તથા સંગ્રહ કરતા તમામ ફુડ બીઝનેશ ઓપરેટર, કેટરર્સ તથા ખાણી–પીણીની લારીઓ, ગલ્લાઓ તથા છુટક ફેરીયાઓ તથા અસ્થાયી તંબુઓ, ફેસ્ટીવલમાં ફુડ કોર્ટ, ધાર્મિક મેળાવડાઓ, પ્રદર્શનમાં ફુડ કોર્ટ તેમજ પથારાવાળા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ–૨૦૦૬ કલમ–૩૧ મુજબ અન્વયે લાયસન્સ/રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે. હાલમાં લાયસન્સ/રજીસ્ટ્રેશન તાત્કાલીક કરાવી લેવા માટે ફુડ સેફટી ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી ધ્વારા તા.૦૪/૦૮/૨૦૧૬ની છેલ્લી મુદ્દત જાહેર કરવામાં આવેલ છે. તેમજ હવે પછી લાયસન્સ/રજીસ્ટ્રેશન બાબતે કોઈપણ મુદ્દત વધારવામાં નહી આવે તેમ જણાવેલ છે. જે બાબતે કમિશ્નર ઓફ ફુડ સેફટી, ગાંધીનગર ધ્વારા પણ દરેક જીલ્લાનાં ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રીને તાત્કાલિક હવે પછીની તા.૦૪/૦૮/૨૦૧૬ સુધીમાં લાયસન્સ/રજીસ્ટ્રેશનની કાર્યવાહી પુર્ણ કરવા જાણ કરેલ છે.

આમ તમામ ખાધ પદાર્થ સાથે સંકળાયેલા ઉત્પાદકો, પ્રોસેસર્સ, પેકર્સ, ટીનર્સ, જથ્થાબંધ વિતરકો (ડીસ્ટ્રીબ્યુટર્સ ) તથા રીટેઈલ વેપારી, આયાત–નિકાસ કરતા, સ્ટોરેજ, કેટરર્સ, હોટેલ, રેસ્ટોરન્ટ, કલબ, ઢાબા, ટ્રાન્સપોર્ટર, ફેરીયા વિગેરેએ જો લાયસન્સ/રજીસ્ટ્રેશન લેવાનાં બાકી હોય તેઓએ તાકીદે જરૂરી પુરાવા/દસ્તાવેજો સાથે ફુડ ઈન્સ્પેકશન બ્રાંચ, દિલ્હીગેટ પોલીસ ચોકીના ત્રીજા માળે, દિલ્હીગેટ, સુરત ખાતે અરજી કરી, લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી લેવા જણાવવામાં આવે છે. જેમણે લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી લીધુ હોય તેમણે દેખાય તે પ્રમાણે સંસ્થામાં ફરજીયાત લગાવવાનું રહેશે.

જો હવે તા.૦૫/૦૮/૨૦૧૬ થી લાયસન્સ/રજીસ્ટ્રેશન ન ધરાવતા વેપારી/પેઢી/ફુડ બીઝનેશ ઓપરેટરને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ–૨૦૦૬ હેઠળ છ માસ સુધીની સાદી કેદની સજા તથા પાંચ લાખ સુધીના દંડને પાત્ર છે.

જનસંપર્ક વિભાગ
30 JUL 2016
સુરત મહાનગર સેવા સદન
પ્રસિદ્ધી અર્થે સમાચાર યાદી
851

૮૫૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૨/૦૮/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિત્તે તા.૦૧/૦૮/૧૬ થી તા.૧૫/૦૮/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારમા આવેલ કોલેજના વિદ્યાર્થીઓ/NSS/NCCના કેડેટ, યુવા સ્વયંસેવકો તથા નાગરીકોના સહયોગથી સ્લમ વિસ્તારોમાં સફાઈ તથા વિવિધ પ્રવૃતિ કરવા તેમજ "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે. "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત આગામી તા.૦૧/૦૮/૧૬ના રોજ પોસ્ટર, હોર્ડીગ્સ, પેમ્ફલેટ દ્વારા સ્કુલ, કોલેજ, લાયબ્રેરી અને હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓની નોધણી કરી "સ્વચ્છ સુરત – સ્વસ્થ સુરત" બનાવવા માટેની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરી તે અંગેની સ્વચ્છતા શપથવિધિ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં હાથ ધરવામાં આવનાર છે.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૮૫૩

# :: પ્રેસનોટ ::

## ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ''

શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા કલા–સંસ્કૃતિનાં જતન માટે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોનો સૂર જાહેર જનતામાં ગુંજતો રહે, તે માટે સળંગ બાર માસ સુધી ગુજરાત રાજયના અલગ–અલગ શહેરોમાં દર માસની પહેલી તારીખે તે નિમિત્તે ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવનાર છે. જે અંતર્ગત ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૦૧/૦૮/૨૦૧૬ને સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ''મારે ટોડલે બેઠો મોર'' શીર્ષક હેઠળ ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ''નું આયોજન સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાછળ, હજીરા રોડ, પાલ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત શહેરની જાહેર જનતાના હિતાર્થે યોજનારા આ સંગીત સમારોહનો તા.૦૧/૦૮/૨૦૧૬ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાના પ્રમુખપણા હેઠળ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી નાનુભાઈ વાનાણી, માન.મંત્રીશ્રી, રાજયકક્ષા, રમત–ગમત, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ(સ્વતંત્ર હવાલો), જળસંપત્તિ (કલ્પસર સિવાય), શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ગુજરાત રાજય સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં દીપપ્રગટાવી શુભારંભ કરાવશે. શ્રી ગોપાલભાઈ બરોટ સંચાલક તથા લોક સાહિત્યકારશ્રી મેરામણભાઈ ગઢવીના સંચાલન હેઠળ સુપ્રસિધ્ધ લોક ગાયકશ્રી અભેસિંહ રાઠોડ અને લોક ગાયિકા શ્રી મીનાબેન પટેલ ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના કંઠે ગવાયેલ ગીતો રજુ કરશે. પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોનો સૂર જાહેર જનતામાં ગુંજતો રહે તે હેતુથી તેઓને સ્વરાંજલિ અર્પણ કરતા ''મારે ટોડલે બેઠો મોર'' સંગીત સમારોહ જાહેરજનતા માટે વિનામૂલ્યે તથા પ્રવેશ પહેલા તે વહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સંગીતપ્રેમી નગરજનોએ સમયસર ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરે છે.

૮૫૪

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ  નં.૪, નોંધ નં.૩૭૫૪/અ, હાથી ફળીયા, બેગમપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુઘ્ઘ એક થી ચાર માળ સુધી માર્જીનવાળા ભાગમાં ગેરકાયદેસર બાંધકામ કરતાં અત્રેથી તા.૨૪/૦૫/૧૬ ના રોજ ધી બી.પી.એમ.સી. એકટ મુજબની નોટીસો પાઠવવામાં આવેલ. જે અન્વયે આજે તા.૩૦/૦૭/૧૬ ના રોજ આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બીમ તથા સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

૮૫૫

# સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૩૦/૦૭/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં કોટડા મહોલ્લો,ચુમ્માલીસ ચાલ,રામપુરા,લકકડકોટ,ખાટકીવાડ,ડી.કે.એમની સામે હરીજનવાસ, જુમ્માશા ટેકરો જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સુભાષનગર, શીતલ ટોકિઝ વિસ્તાર,વાઘરીવાડ,S.M.C. કવાટર્સ,વૈષ્ણવદેવી લાઈફ સ્ટાઈલ,દીપમાલા સોસા.,પ્રશાંત સોસા,શંકરનગર સોસા. જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં સંજયનગર,શ્રીરામકુટિર,પ્રિયંકા ગ્રીન પાર્ક,હીરાનગર,ઈશ્વર નગર,ભગવતીનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં રાવનગર, ગોવિંદનગર,નૂરાનીનગર, આનંદનગર, રાજીવ નગર,આશાનગર,સાંઈશકિતનગર,શ્રધ્ધા સોસાયટી,હરીહરનગર,પટેલનગર,સંતોષનગર,ભગવતીનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં પોલીસ લાઈન, પીપલોદ, સુભાષનગર, ઈ.ડ.એસ. ચોકી, સી–ટેનામેન્ટ, ભરથાણાં હળપતિવાસ, ભીમરાડ ગામ, ભીમપોર જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં વિશ્રામનગર,ગોસાઈ નગર, શિવછાયા સો., ભકિતનગર, મેઘવાળ કોલોની, પટેલવાડી, હળપતિવાસ, રામનગર, જગદિશનગર, એચ–૪ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ભોળાનગરની ચાલ, જગદીશનગર, રતનજીનગર, નાથુકાકાની ચાલ, પટેલનગર, દીન દયાળ ઝું, લક્ષ્મી–વિજય, છીપવાળ, ખળીફળિયું, પુનિતધામ સોસા, આશિયાનાપાર્ક, મુસા ફળિયું, બજરંગ નગર, મહાલક્ષ્મી વિ–સી, શીવ દર્શન, સાગર બાપા–સીતારામ,જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 46041 | 103543 | 381 | 14052 | 1388 | 2454 | 131 | 66300 | 77 | 43149 | 22558 |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**-: પ્રેસનોટ :-**

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૩૦/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૬(મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં.૨૫૭+૨૫૯ ખાતે ૬૦૦ ચો.ફુટ પાર્કીંગનું દબાણ દૂર કરવામાં આવ્યું તથા હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે.,

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં........................
તા.૩૦–૦૭– ૨૦૧૬ 856

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

તા.૩૦.૦૭.૨૦૧૬ **નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૧ ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧ લોકેશન** (ખાડા) ૨૧૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૪.૨૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૧૨ લોકેશન(ખાડા) **૩૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, ૨૮૩૦.૦૦ ચો.મી. રીપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૬(મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં.૨૫૭+૨૫૯, ૬૦૦ ચો.ફુટ પાર્કીંગનું દબાણ દૂર કરવામાં આવ્યું તથા હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે., તથા ડ્રેનેજ ના નવા કનેક્શન કુલ : ૦૪ પાણીના નવા કનેક્શન કુલ : ૦૫ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૨૨,૪૭૭/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૫૩ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૮૦ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૮.૧૨** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક રૂા.૭.૪૮ લાખ થયેલ છે., ૧૪ EC તથા ૧૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૬૩૯/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે રૂા.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે., ૩૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા: ૩૯૬ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા: ૧૧૧ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : ૨૦૬.૧૬૦ મે.ટન છે., આપવામાં આવેલ નોટીસની સંખ્યા: ૩૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : રૂા.૩,૬૦૦/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : ૧૧૭૦૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલ: ૨૬૪૪૪ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: ૧૧૧ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ ક્લેકશન: ૮૫૨ કરવામાં આવેલ છે. જ્યારે ૪૩ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.** 857
તા.૩૦–૦૭– ૨૦૧૬